અંતરમેં ઊંડે ઊંડે મીઠાશ.... ચૈતન્યપ્રભુ જ્ઞાતા-દ્રષ્ટાકા પિંડ, અખંડ આનંદકા કંદ ઉસકી રુચિ ન હોકર, વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર ક્રિયાકાંડકા વિકલ્પ, નામસ્મરણ, જાપ, ભક્તિ, પૂજા, દાન, દયા, જાત્રા (આદિકે) વિકલ્પ ઉઠતે હૈં વો રાગ હૈ, ધર્મ નહીં. વો વિકલ્પકે પ્રેમમેં–વ્યભિચારમેં પડા હૈ, ઉસકી ઊલટી દ્રષ્ટિ રાગસે ખસતી નહીં. કઠણ તો બાત હૈં હોં હેમચંદજી ! સમજના પડેગા. ત્રણ કાળ ત્રણ લોકમેં દૂસરા માર્ગ નહીં. સમજમેં આયા ? ત્રણ કાળ ત્રણ લોકમેં, યે કહનેમેં આતા હૈ ઐસા સત્યકા દૂસરા પંથ હૈ નહીં. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સત્.. સત્. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. શાશ્વત સત્ જ્ઞાન-આનંદકા કંદ હૈ. ઉસકી અંતરમેં રુચિ રાગકે અવલંબન બિના હોતી હૈ ઔર ઉસમેં સ્થિરતા ભી રાગકે આશ્રય બિના હોતી હૈ. આતા હૈ, જબ લગ પૂર્ણ ન હો તબ લગ રાગ આતા હૈ. પણ અજ્ઞાની–મિથ્યાશ્રદ્ધાવાન તો વો રાગકો હી સર્વસ્વ માનકર, ઉસસે મેરા કલ્યાણ હો જાયેગા, વો કર્મકાંડ–ક્રિયાકાંડસે મેરા કલ્યાણ (હોગા)—ઐસા માનનેવાલા મૂઢ જીવ હૈ. વો રાગકી પ્રીતિકે પડખેમેં (-પક્ષમેં) ચડ ગયા હૈ.

જેમ પરસ્ત્રીકે પડખે ચડ જાતા હૈ. 'પડખા' સમજતે હો ? 'પડખે'કો ક્યા કહતે હૈં? (શ્રોતા : પાસમેં). પડખે—પાસમેં.. પાસમેં લ્યોને ભાઈ ! તુમ્હારી હિંદી ભાષા બહોત આતી નહીં. પાસમેં ચડ જાતે હૈં વો રાગકે પાસમેં.... યે સ્ત્રીકે પાસમેં-પડખે ચડ જાતા હૈ વો વ્યભિચારી હૈ, ઐસે હે નાથ ! શુભરાગકા કણ ઉઠતા હૈ ઉસકે પાસમેં ચડ જાતા હૈ, ઉસસે મેરા કલ્યાણ (હોગા ઐસી માન્યતા હૈ) વો વ્યભિચારિણી દ્રષ્ટિ હૈ. સમજમેં આયા? ડોક્ટર ! વ્યભિચારિણી દ્રષ્ટિ હૈ. ભગવાન ! આપ અવ્યભિચારી પૂર્ણ દશાકો પ્રાપ્ત હો, તો વ્યભિચારિણી દ્રષ્ટિવંત આપકો નહીં નમેગા. સમજમેં આયા ? બહારસે ભલે નમે.. બહારસે ભલે નમે. અંતરમેં અવિકારીસ્વભાવ જિસકો જચા નહિ, રુચા નહિ, પ્રતીતમેં આયા નહિ, ઉસકે પોષણમેં આયા નહિ, તો રાગકા પોષણ કરનેવાલા, માન્યતા કરનેવાલા, સ્થાપન કરનેવાલા, ઉસમેં લાભ માનનેવાલા, દુનિયાકો (કહેગા) કિ રાગસે લાભ હોગા, ક્રમે ક્રમે રાગકી ઐસી ક્રિયા કરો, ક્રિયાસે લાભ હોગા. ઐસા મૂઢ પ્રાણી આપકી વીતરાગીવિજ્ઞાનઘન દશાકો નહિ નમેગા. બરાબર હૈ ? યહાં તો નમનેવાલા સમ્યગ્દ્રષ્ટિ લિયા હૈ. સમજમેં આયા ?

હે આત્મા ! **પરમ ભક્તિ અનુરાગ સે**... ઐસા શબ્દ લિયા હૈ. **જિનવર કે ચરણકમલોં કો નમસ્કાર કરતે હૈં**... પરમ ભક્તિ.... ઐસા ઉલ્લાસ કિ જૈસે માતાકી ગોદમેં બાલક પડા હો ઔર ઉસકો માતા પ્રત્યે પ્રેમ આતા હૈ, ઐસે સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ કિ જિનકો ચૈતન્ય આનંદઘન (ઐસી) પ્રગટ દશા હુઈ, ઉનકે પ્રતિ ગોદમેં જાતે હૈં, પ્રભુ ! મોટાને ઉત્સંગ નાનાને શી ચિંતા ? વેલજીભાઈ ! લ્યો, એનો એ શબ્દ બોલ્યા, ફેરવ્યું નહિ કાંઈ. કાંઈક શબ્દફેર છેને થોડો ? એ માટે તો તમને કીધું. 'મોટાને ઉત્સંગ...' શું શબ્દ છે ? 'બેઠાને' કંઈક શબ્દ છે. છે કંઈક. 'મોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા, તેમ પ્રભુ પરમ પ્રસાદ, સેવક થયા નિશ્ચિંતા. તેમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિશ્ચિંતા.' જુઓ ! યહાં સેવકકો, ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ આત્માકી સમ્યક્ ચીજકો આદર દેકર રાગ આતા હૈ તો ઉસમેં વંદન કરતે હૈં.

તો કહતે હૈં, હે પ્રભુ ! આપકે ચરણકમલમેં નમતે હૈં. પ્રભુ ! હમેં આપકા હી શરણ હૈ. ઉસકા અર્થ કિ આપકી જો મોટપ-બઢાઈ આપકો પ્રગટ હુઈ, ઐસી મેરી દ્રષ્ટિમેં હમારા સ્વભાવ પ્રગટ માનનેમેં આયા હૈ. અબ, હમારી સ્થિરતા બાકી હૈ, તો રમણતા કરતે કરતે આપ જૈસી પર્યાય પ્રગટ કરનેલાયક હમ હો ગયે હૈં. સમજમેં આયા? ઉસે સર્વજ્ઞ પરમાત્માકા પરમ ભક્ત વ્યવહારસે કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? જિસકા દોષ બિલ્કુલ નિકલ ગયા હૈ ઐસા નિર્દોષ પરમાત્મા.... જિસકો દોષ રુચતે હૈં.. પુણ્ય-પાપ કિ

શુભ-અશુભભાવ દોષ રુચતે હૈં વહ નિર્દોષ ભગવાનકો માનતા નહીં. વહ નિર્દોષ ભગવાનકો નમન કરતા નહીં. બરાબર હૈ ધનાલાલજી ? 'મોટાને ઉત્સંગ...' પ્રભુ ! આપના ચરણમાં પડ્યા છીએ હોં. આ દાસ... દાસ સમ્યગ્દ્રષ્ટિ હી હો સકતા હૈ, દૂસરા દાસ હો સકતા નહિ. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ જ્ઞાયકકી દ્રષ્ટિ, રુચિ, પરિણતી હુઈ, રાગ બાકી હૈ, પૂર્ણતા નહીં હૈ, તો કહતે હૈં, પ્રભુ ! હમ આપકે દાસ હૈં. વો સાધકજીવ હી ભગવાનકા દાસ હો સકતા હૈ. રાગ ઔર પુણ્યસે ધર્મ માનનેવાલા મિથ્યાદ્રષ્ટિ ભગવાનકા દાસ હો સકતા નહીં. સમજમેં આયા ?

તો કહતે હૈં, **પરમ ભક્તિ અનુરાગ સે જિનવર કે ચરણકમલોં કો નમસ્કાર કરતે હૈં**, **વે શ્રેષ્ઠભાવરુપ 'શસ્ત્ર' સે**.... **શ્રેષ્ઠભાવરુપ 'શસ્ત્ર'**... 'શ્રેષ્ઠ'કા અર્થ શુદ્ધભાવ.. શુદ્ધભાવ.. ભગવાનકી ભક્તિકા વિકલ્પ હૈ, ઉસકી ભક્તિ હૈ, પણ અંદરમેં આત્માકે સ્વભાવકી રુચિ, દ્રષ્ટિ.. મેરા ચિદાનંદ એકરૂપ સમ સ્વભાવ હૈ ઐસી રુચિ, દ્રષ્ટિ હો ગઈ હૈ—ઐસે ઉસકે આશ્રયસે જો શુદ્ધભાવ પ્રગટ હોતા હૈ, યે **શ્રેષ્ઠભાવરૂપ 'શસ્ત્ર' સે જન્મ અર્થાત્ સંસારરૂપી બેલ કે મૂલ જો મિથ્યાત્વ આદિ કર્મ ઉસકો નષ્ટ કર ડાલતે હૈં (ખોદ ડાલતે હૈં)**. ખોદી કાઢે છે. વાસ્તવિક વીતરાગ ચૈતન્યસ્વભાવકી રુચિ કરનેવાલા વો હી ભગવાનકી ખરેખર ભક્તિ કરને આયે. ભ્રમણા.. રાગ, વિકલ્પ, પરવસ્તુ મેરી હૈ ને મેરેમેં હૈ—ઐસી જો ભ્રમણા (હૈ, ઉસે)—ચૈતન્ય જ્ઞાયકકી દ્રષ્ટિ કરતે હૈં ઉસકી રુચિસે, પરિણતીસે, અવસ્થાસે વહ ભ્રમણા આદિ કર્મકો—જિનવરકે દાસ નાશ કર સકતે હૈં. રાગકે દાસ નાશ કર સકતે નહીં. સમજમેં આયા ?

**સંસારરૂપી બેલ.... મિથ્યાત્વ આદિ કર્મ ઉસકો નષ્ટ કર ડાલતે હૈં.** મિથ્યાત્વ આદિ છે ને ? ચારિત્ર દોષ હો, સબ હૈ.... સંસાર નષ્ટ કરતે હૈં–નાશ કરી નાંખે. અવસ્થામેં (દોષ) હૈ, (મલિન) અવસ્થા હૈ. મલિન અવસ્થા ન હો તો નિર્મલતાકા પ્રગટ અનુભવ હોના ચાહિયે. ઔર અંતર સ્વભાવમેં પૂર્ણ નિર્મલતા ન હો તો પ્રગટ કહાંસે હોગી ? કોઈ બહારસે ચીજ આતી નહીં. અંતરમેં જો અખંડ આનંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિ સ્વભાવ પડા હૈ.... ઉસકી દશામેં જો પૂર્ણ આનંદ હો તો મલિનતાકા અનુભવ હોતા નહીં. મલિનતાકા– રાગકો અનુભવે વો મલિન હૈ. તો જબ લગ રાગ હૈ, તબ લગ નિર્મલ પૂર્ણ દશાકા અનુભવ નહિ હૈ. પણ આત્માકી દ્રષ્ટિકા અનુભવ હો ગયા, તો કહતે હૈં, પ્રભુ ! આપ તો ..... આપકો પૂર્ણ દશા પ્રગટ હુઈ હૈ. આપકા સેવક નિશ્ચિંત હૈ. અલ્પકાલમેં હમ રાગ આદિકો સ્વભાવકી શ્રેષ્ઠ ભાવનાસે નાશ કરેંગેં. ઉસમેં હમેં સંદેહ નહીં હૈ. હમ આપકે જૈસી દશા પ્રાપ્ત કરેંગેં.

ઐસે સમ્યગ્દ્રષ્ટિ ભગવાનકો નમન કરતે (હુએ) અપની ભાવનાકો ઉછાલતે હૈં. સમજાય છે કાંઈ ?

**ભાવાર્થ** : **અપની શ્રદ્ધા–રુચિ–પ્રતીતિ સે જો જિનેશ્વરદેવ કો નમસ્કાર કરતા હૈ**... જિનેશ્વર એટલે જિન. જિન એટલે રાગ અને અજ્ઞાન જીતકર જિસને વીતરાગ વિજ્ઞાનઘનદશા પ્રાપ્ત કી, ઐસે જિનેશ્વરદેવકો શ્રદ્ધા–રૂચિ–પ્રતીતિસે નમતા હૈ. હવે આવ્યું, જુઓ ! **ઉનકે સત્યાર્થસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગપને કો જાનકર**... ભગવાન પૂર્ણાનંદકી પ્રાપ્તિ જિસે હુઈ, વો સત્યાર્થસ્વરૂપ સર્વજ્ઞ હૈ. એક સમયમેં તીન કાલ તીન લોક જાનતે હૈં ઔર વીતરાગ હૈ (અર્થાત્) કષાયદોષ રહિત હૈ. ઐસા જાનકર.... **સત્યાર્થસ્વરૂપ**–સાચા સ્વરૂપ **સર્વજ્ઞ વીતરાગપને કો જાનકર ભક્તિ કે અનુરાગ સે નમસ્કાર કરતા હૈ**. ઓહો! ઐસા કહનેવાલા... વાસ્તવિક તત્ત્વકી ઐસી ઉપદેશ શૈલી સર્વજ્ઞ ભગવાન સિવા આતી નહિ. ઐસા અંતરદ્રષ્ટિકા પ્રેમ સહિત ભગવાનકે ચરણકમલકો નમતા હૈ, **તબ જ્ઞાત હોતા હૈ કિ સમ્યગ્દર્શન કી પ્રાપ્તિ કા યહ ચિન્હ હૈ**. સમજમેં આયા ? બાબુભાઈ ! વાત પણ બહુ... પણ શરતું બહુ હોં એમાં. સમજાણું ? શરતું... શરતું સમજેને ? ક્યા કહતે હૈં તુમ્હારે ? શરત.. શરત. એક તો ભગવાન શુદ્ધ ચિદાનંદ પરમાનંદ .... અપના હી સ્વભાવ હૈ. કોઈ બાહરસે આનેવાલા નહિ હૈ. ઐસી ચીજકી રૂચિ જમી ઔર રાગ આદિ આતા હૈ ઉસકી રુચિ છૂટ ગઈ. ઐસે જીવ પૂર્ણાનંદકી પ્રાપ્તિકા પ્રયત્ન અંતરમેં કરતે હૈં, વે હી સત્યાર્થસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગકો જાનતે હૈં. દૂસરે સત્યાર્થસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગકો જાનતે નહીં. સમજમેં આયા ?

**સમ્યગ્દર્શન કી પ્રાપ્તિ કા યહ ચિન્હ હૈ**. અંતરકા વીતરાગભાવ—અકષાય નિર્દોષસ્વભાવ રૂચા ઔર જરી અસ્થિરતાકા રાગ–ચારિત્રદોષ બાકી હૈ, (તો) ભગવાનકે પ્રતિ ઉછલતા પ્રેમ હૈ, ઓહો ! ઉસને પૂર્ણ પરમાત્માકી બાત કી. ઉન્હોંને (માર્ગ) બતાયા, ઉન્હોંને અપના માર્ગ કિયા ઔર (જિસ વિધિસે) પ્રાપ્ત કિયા વો વિધિ હમકો કહી. ઐસે પ્રેમસે જો વંદન કરતે હૈં, **તબ જ્ઞાત હોતા હૈ કિ સમ્યગ્દર્શન કી પ્રાપ્તિ કા યહ ચિન્હ હૈ, ઈસલિયે માલૂમ હોતા હૈ કિ ઈસકે મિથ્યાત્વ કા નાશ હો ગયા**. તબ જ્ઞાત હોતા કિ ઉસકી ભ્રમણા.. રાગસે, નિમિત્તસે, સંયોગસે ધર્મ માનના વો સબ ભ્રમણા મિથ્યાભ્રમ હૈ—(ઉસકા) નાશ હુઆ. **અબ આગામી સંસાર કી વૃદ્ધિ ઈસકે નહીં હોગી**, લ્યો. અલ્પકાલમેં ઉસકે રાગાદિ નાશ હોકર પરમાત્મા .... સાદિ-અનંત શુદ્ધ આનંદકંદ (દશા) પ્રગટ હો જાયેગી. ઐસા જાનિયે કિ ઈસકે સંસાર–ભવ હૈ નહીં. **ઈસપ્રકાર બતાયા હૈ**. કહો, સમજાય છે કાંઈ ?

**આગે કહતે હૈં કિ જો જિનસમ્યક્ત્વ કો પ્રાપ્ત પુરૂષ હૈ સો વહ આગામી કર્મ સે લિપ્ત નહીં હોતા હૈ**. ભગવાન આત્મા રાગ ઔર કર્મસે નિર્લેપ ભિન્ન ચીજ હૈ. ઐસા અંતરમેં બોધ હો ગયા... ભગવાન પ્રભુ ચૈતન્યમૂર્તિ... દ્રષ્ટાંત આપશે. જેમ કમલિનીનું પત્ર પાણીમાં લેપાતું નથી. કમલિનીનું પત્ર... એમ ભગવાન ચિદાનંદ આખો આત્મા, ક્ષણિક રાગ હોતા હૈ ઔર કર્મકા સંયોગ સંબંધ હૈ ઉસસે નિરાલા તત્ત્વ હૈ. નિરાલા હૈ. તો રાગ, પુણ્ય વિકલ્પસે ઉસકા સંગ નહિ. તો કર્મકા–જડકા તો સંગ ઉસમેં હૈ નહિ. ઐસી અપને સ્વભાવકા જિનસમ્યગ્દર્શન હુઆ, તો કહતે હૈં કિ **વહ આગામી કર્મ સે લિપ્ત નહીં હોતા હૈ**. ભવિષ્યકા કર્મકા ઉસકો બંધ હોતા નહીં.

**जह सलिलेण ण लिप्पइ कमलिणिपत्तं सहावपवडीए।**
**तह भावेण ण लिप्पइ कसायविसएहिं सप्पुरिसो।।१५४।।**
**यथा सलिलेन न लिप्यते कमलिनीपत्र स्वभावप्रकृत्या।**
**तथा भावेन न लिप्यते कषायविषयैः सत्पुरुषः।।१५४।।**

**જૈસે**... વો અપને દ્રષ્ટાત આ ગયા હૈ ૧૪વીં ગાથા, સમયસારમેં. **જૈસે કમલિનીકા પત્ર અપને સ્વભાવ સે હી**.... કમલિનીકા પત્રકા સ્વભાવ હી ઐસા હૈ. ઉસકે નીચે ઝીણી ઝીણી રોમ ઐસી કોરી હૈ કિ પાણીમેં પડા દિખે કિ ડૂબા (દિખે, પણ) ઉપર બિંદુ અટકે નહીં. ચોખ્ખા (-સુખા) પડા રહે. કમલનીકા પત્રકા નીચે રૂંવાટી ઐસી કોરી.. કોરી.. કોરી હૈ. રૂંવાટી સમજતે હો ? ઝીણી, ઝીણી. રૂંવાટા વો તો વનસ્પતિ હૈ. પણ ઉસ જાતિકી ઝીણી ઝીણી હોતી હૈ. આમ ઉપાડો, પાણીસે કુછ લેનાદેના નહીં. પાણીસે છુઆ હી નહીં, પાણીમેં ડૂબા હી નહીં, પાણીસે સંબંધ હુઆ હી નહીં. ઐસા પ્રકૃતિ–સ્વભાવ હૈ. કિસકા ? વો કમલિનીકા પત્રકા. **જલ સે લિપ્ત નહીં હોતા હૈ**... વો દ્રષ્ટાંત દિયા.

**વૈસે સમ્યગ્દ્રષ્ટિ સત્ પુરુષ હૈ**... ભગવાન આત્મા રાગ, પુણ્ય-પાપકે વિકલ્પસે મેરી અંતર્મુખ ચીજ ભિન્ન હૈ ઔર કર્મ અને શરીરસે મેરી ચીજ તદ્દન અસંગ–જુદી હૈ. ઐસા અંતરમેં સમ્યગ્દર્શન-બોધ હો ગયા, વો સત્પુરુષ હૈ. **વે અપને ભાવ સે હી ક્રોધાદિક કષાય** સે લિપ્ત નહીં હોતા. ઉસે કર્મકા બંધ હોતા નહીં. ક્યોંકિ કર્મકા બંધકા કારણ ઉસે કરતા નહીં. સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. જ્ઞાતા-દ્રષ્ટા જગતકા ઔર જ્ઞેય-દ્રશ્ય (ઉસકા) જ્ઞાતા-દ્રષ્ટા. જગતકે દ્રશ્યકા દ્રષ્ટા મૈં હૂં, જ્ઞેયકા જ્ઞાતા હૂં, દૂસરા કોઈ સંબંધ મુજે હૈ નહીં. ઐસા અંર્તદ્રષ્ટિ હુઈ, વો કષાય-ક્રોધ-માન-માયા આદિ (રૂપ) હોતા નહિ ઔર વિષયકી વાસનાકી ગંધ ભી ઉસકો હોતી નહીં. કોરા રહતે હૈં, પણ સ્વભાવકી એકાગ્રતાકી ભાવનામેં વો ભી ક્રમે-ક્રમે છૂટ જાતે હૈં. ઉસકો કર્મકા બંધ હોતા નહીં.

આહીં તો પાણીનું દ્રષ્ટાંત આપ્યું. કમલિનીને જળ અડતું નથી. અડતા ક્યા ? છુતા નહિ. કમલિનીકે પત્રકો જલ છૂતા હી નહીં કભી. એમ સત્પુરુષ સમ્યગ્દ્રષ્ટિ જીવ... નારિયેલ-શ્રીફલમેં જૈસા ગોટા ભિન્ન હૈ.... શ્રીફલમેં મીઠા.. મીઠા.. સફેદ ટોપરા હૈ વો છાલસે ભિન્ન હૈ, કાચલીસે ભિન્ન હૈ ઔર કાચલી તરફકી રાતડ હોતી હૈ ઉસસે ભી ભિન્ન હૈ. ઐસે ભગવાન આત્મા શરીરરૂપી કાચલીસે ભિન્ન હૈ. શરીરરૂપી છાલા. ઉપરનું છાલું હોય છે ને ? આ છાલાને દળીને લોટ કાઢે છેને ? અંદર કર્મરૂપી આઠ કર્મના રજકણ ઝીણી માટી-ધૂળ વો કાચલી હૈ, વો કાચલીસે (ભી) ભિન્ન હૈ. ઔર રાતડ નામ પુણ્ય-પાપકે વિકલ્પસે ભી ભગવાન તો ભિન્ન હૈ. ચૈતન્યમૂર્તિ વો રાગસે ભી ભિન્ન હૈ. ઐસી જિસકો દ્રષ્ટિ હો ગઈ—સમ્યગ્દર્શન હુઆ, વો વિકારસે, બંધસે લિપાતા નહીં. સમજમેં આયા ? જુઓ ! આ ભાવશુદ્ધનો અધિકાર. ભાવપ્રાભૃત હૈ ન ? ભાવપ્રાભૃત. શુભ ભી ભાવ હૈ, અશુભ ભી ભાવ હૈ ને શુદ્ધ ભી ભાવ હૈ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ, ક્રોધ એ અશુભભાવ છે, પાપવાસના હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, જાત્રા, નામસ્મરણ, કોમલતા ઐસા વિકલ્પ વો સબ શુભરાગરૂપી દોષ હૈ. ઉસસે ભગવાન આત્મા ભિન્ન હૈ ઐસી દ્રષ્ટિ હુઈ, બંધન નહિ હૈ ઉસકો. વો અલ્પકાલમેં રાગ આદિસે છૂટ જાયેગા ઔર પરમાત્મપદકી પ્રાપ્તિ-મુક્તિ હો જાયેગી. કહો, સમજાય છે કાંઈ ?

**ભાવાર્થ : સમ્યગ્દ્રષ્ટિ પુરુષ કે...** 'સમ્યક્'—સાચી દ્રષ્ટિ. 'સાચી દ્રષ્ટિ'કા અર્થ પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વભાવકી પ્રતીત હુઈ ઔર રાગસે પૃથક્, નિમિત્તસે પૃથક્ અપના સ્વભાવ (હૈ ઐસા) ભેદજ્ઞાન કિયા. ઐસા સત્પુરુષ સમ્યગ્દ્રષ્ટિ કે **મિથ્યાત્વ ઔર અનંતાનુબંધી કષાય કા તો સર્વથા અભાવ હી હૈ**. ઉસકો ભ્રમણા હોતી નહી કિ રાગસે લાભ હૈ, નિમિત્તસે લાભ હૈ.—ઐસા મિથ્યા અભિપ્રાય હોતા નહીં. અનંતાનુબંધી નહીં. અનંત સંસારકા કારણ ક્રોધ-માન-માયા-લોભ (કિ) જો સ્વભાવકા અનાદર કરતા હૈ. શુદ્ધ ચિદાનંદકા અનાદર હોતા હૈ ઐસા ક્રોધ, માન, કપટ ને લોભ સમ્યગ્દ્રષ્ટિ-ધર્મીકી સ્વભાવદશામેં હોતા નહીં.

**અન્ય કષાયોં કા યથાસંભવ અભાવ હૈ**. હાસ્ય, રતિ (આદિ) દૂસરે કષાયકા રસ મંદ જિતના પડ઼તા હૈ, ઈતના થોડા કષાય અભાવ હો ગયા હૈ. **મિથ્યાત્વ...** વિપરીત માન્યતા—વિપરીત અભિનિવેષ—મિથ્યા-જૂઠા આશય (કિ) પુણ્યસે ધર્મ (માનના) ઔર વર્તમાનમેં અલ્પજ્ઞ પર્યાય હૈ ઉસકો પૂર્ણ માનના ઔર નિમિત્ત આદિસે લાભ માને ઐસી વર્તમાન દ્રષ્ટિ જિસકી હૈ—ઐસા જો મિથ્યાત્વ ઔર **અનંતાનુબંધી** કષાય ઉસકે **અભાવ**

**સે ઐસા ભાવ હોતા હૈ**.... એના અભાવથી એવો નિર્મળ શુદ્ધભાવ પર્યાયમાં- અવસ્થામાં પ્રગટ હોય છે.

**જો પરદ્રવ્યમાત્ર કે કર્તૃત્વ કી બુદ્ધિ તો નહીં હૈ**... ક્યા કહતે હૈં ? આત્માકા સમ્યક્ ભાન હુઆ, તો દેહ આદિકી ક્રિયા મૈં કરતા હૂં ઐસી બુદ્ધિકા નાશ હો જાતા હૈ. દેહ, વાણી આદિ જડ મૈં કર સકતા હૂં કિ વાણી મૈં બોલ સકતા હૂં—(ઐસા) ત્રણ કાળમેં આત્મામેં નહીં. વાણીકે કારણસે વાણી નિકલતી હૈ, શરીરકે કારણસે શરીર ચલતા હૈ. ઉસકી વર્તમાન જડકી ક્રિયા–પર્યાય–અવસ્થાકા આત્મા કર્તા હૈ હી નહિ. સમજમેં આયા? ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની જીવ ઐસા અપનેકો સમજતા હૈ, માનતા હૈ કિ પરદ્રવ્ય, શરીર, વાણી, મન, આહાર, પાણી—વહ સબ જડ પરપદાર્થ હૈ. ઉસકા પલટના ઉસકે આધીન હૈ—જડકે આધીન હૈ. મેરા કામ કુછ નહિ હૈ ઉસમેં. મૈં બોલતા ભી નહીં, મૈં ચલતા ભી નહીં, મૈં ઉપદેશ દેતા નહીં, મૈં ખાતા નહીં, મૈં પીતા નહીં. વહ તો જડકા કામ જડમેં હોતા હૈ. ઓહોહો ! કહો, દેવીલાલજી ! ઐસી દ્રષ્ટિ, ધર્મકે શુરૂઆતવાલેકી ભી ઐસી સમ્યક્ દ્રષ્ટિ હો જાતી હૈ.

યે તો જહાં-તહાં અભિમાન.. ઐસા શરીરકા કામ કિયા, ઐસી વાણી હમને કી. દો ઘંટે ઐસા વ્યાખ્યાન દિયા કિ લોગ રંજનમંજન હો ગયે. અરે મૂઢ ! સમજ તો ખરો ! વો વાણી તો જડકી ધ્વનિ ઉઠતી હૈ, રજકણકી ધ્વનિ ઉઠતી હૈ. આત્મામેં કહાં વો રજકણ પડા હૈ ? આહાહા ! સમજમેં આતા હૈ ? આત્મા તો જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ જ્ઞાતા-દ્રષ્ટા હૈ. વાણીકે રજકણકી ધ્વનિ ઉસમેં પડી હૈ ? ઉસકી ખાણમેં રજકણ ધૂલ હૈ ? યે ધૂલકી ધ્વનિ ઊઠતી હૈ. અજ્ઞાની વાણી કિ દેહકી ક્રિયાકા કર્તા હોતા હૈ, જ્ઞાની ઉસકા કર્તા નહિ હોતા. સમજાય છે કાંઈ ? (શ્રોતા : વ્યવહારનય ઉડી ગયો?) વ્યવહારનય ઉડી ગયો.

વ્યવહારનયસે કહનેમેં આતા હૈ, ક્યા ? કહનેમે આતા હૈ, પણ ઐસા હૈ નહીં—ઈસકા અર્થ ઐસા સમજના. વ્યવહારનયસે કહનેમેં આતા હૈ ઔર અભૂતાર્થદ્રષ્ટિસે કહા ગયા હૈ ઔર અસત્ કથનસે કહા હૈ, (પર) ઐસા હૈ નહિ.—ઐસા અર્થ વ્યવહારનયકા સમજના. સમજમેં આયા ? બોલનેમેં ઐસા આતા હૈ કિ ઉસને બોલા, ઉસને ઉપદેશ દિયા, પર ઐસા હૈ નહિ. વો તો જરી વિકલ્પકા સંબંધ હૈ ઔર ઉસકા સંબંધ દેખકર કહનેમેં આયા હૈ. પણ રજકણ–એક આંખકી પાંપણ ભી ચલતી હૈ વો આત્માકે અધિકારકી બાત નહીં. ભગવાન આત્મા જ્ઞાતા ચિદાનંદમૂર્તિ હૈ. વો જ્ઞાનકા એક અંશ ઉસકો અર્પે તો ક્રિયા હોતી હૈ (ઐસા) તીન કાલમેં નહીં હૈ. ઓહોહો ! સમજાય છે કાંઈ?

**પરદ્રવ્યમાત્ર કે**... પરદ્રવ્યમાત્ર ક્યોં કહા ? સબ પરદ્રવ્ય(કી ક્રિયા)—ખાના, પીના, લેના, દેના. આ વચન કોણ બોલે છે ? ક્યાં ગયો ? શું છે આ ? યે વચન કૌન બોલતા હૈ?

(શ્રોતા : ભાષાવર્ગણા). ભાષાવર્ગણા, લ્યો. યે ભાષાવર્ગણા બોલતી હૈ—ઐસે કહતા હૈ બાલક. ભાષાવર્ગણા રજકણકા પિંડ–સમૂહ પડા હૈ ઉસમેંસે ભાષા નિકલતી હૈ. (ભાષા) કહાં આત્મામેં પડી હૈ ? સમજમેં આયા ? રૂપચંદજી ! ભાષાવર્ગણા બોલતી હૈ. ઓય મા! વર્ણગા સમજે ? રજકણકા સમૂહ–વર્ગ.. વર્ગ.. સમૂહ. રજકણકા સમૂહ પડા હૈ ઉસસે વો ધ્વનિ (ઉઠતી હૈ). ભાષાવર્ગણા. શરીર ભી નહીં, શરીર ભી બોલતા નહીં. શરીર જુદી ચીજ હૈ, વાણી જુદી ચીજ હૈ. ભિન્ન-ભિન્નકા કાર્ય ભિન્ન-ભિન્ન હોતા હૈ. યે તો ભાન નહીં (ઔર) જહાં-તહાં મૈંને કિયા.. મૈંને કિયા.. મેંને કિયા. લ્યો. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કૂતરો.. કૂતરો.. કૂત્તા. મોટું શકટ–ગાડું. છ મણ ભાર ભર્યા હોય ને કૂતરો નીચે ચાલતો હોય, એનું માથું અડતું હોય જરી, એ માને કે મારે લઈને આ ચાલે છે. અરે ! ૫૦-૫૦ મણના, ૧૦૦ મણના બળદ ચલાવે છે. તારા ઉપર પડે તો મરી જા, કચરાઈ જા.

એમ જગતના પદાર્થ સ્ત્રી, કુટુંબ, શરીર ઔર વેષ આદિકી જડકી અવસ્થા, વો ઉસકે કારણસે હોતી હૈ. દૂસરા કહતા હૈ કિ હમારેસે દેશકા સુધાર હુઆ. પરકા સુધાર હુઆ. હમ પરકા સુધાર કર સકતે હૈં. કહતે હૈં કિ વો મિથ્યાદ્રષ્ટિ મૂઢ જીવ હૈ. ઉસકો પર ઔર સ્વકી ભિન્નતાકા ભાન હૈ નહીં. બરાબર હશે ? લ્યો. કુંવરજીભાઈ ! કહે છે કે આ કાંઈ કરતા નથી.—એમ કહે છે. મફતનો મોટર લઈને જાય. ત્યાં મફતનો માળો અભિમાન કરે છે એમ કહે છે. હવે તો નહિ જાતા હોય. ઓલા જાવા નહિ દેતા હોય. પરદ્રવ્યમાત્રનું કાંઈ કરતા (નથી). છાપ એવી છે તમારી હોં.

**પરદ્રવ્યમાત્ર કે કર્તૃત્વ કી બુદ્ધિ તો નહીં હૈ**... ઓહો ! સમજમેં આતા હૈ ? પોપટભાઈ ! આ પૈસા-બૈસા ધૂળ, કહે છે કે મેળવી શકતો નથી.—એમ કહે છે. આ પાંચ-પાંચ લાખની, દસ લાખની ધૂળ છેને માટી. એ તો માટી કાંકરા ધૂળ હૈ. તેરેમેં ક્યા પડા હૈ ? ઔર તેરી તાકાતસે વો ચીજ આતી હૈ ? ધૂળમાંય કામમાં આવતી નથી. ક્યા કામમેં આતી હૈ ? ઈતની આતી હૈ કિ વો મેરા હૈ (ઐસી) મમતામેં નિમિત્ત પડતા હૈ. કોઈ દૂસરે કામમેં આતી નહીં વો ચીજ. વો તો જડ હૈ, માટી હૈ, ધૂળ હૈ, અજીવ હૈ. આરે, આરે ! ક્યા કરના ? અરે પ્રભુ ! તેરી ચીજ ક્યા હૈ તું સમજ લે. ઔર પરચીજ ઉસકે કારણસે પલટતી હૈ, બદલતી હૈ, ટિકતી હૈ. ક્યા તેરે કારણસે (બદલતી) હૈ ? શરીરકી ક્રિયા, તેરા નિરોગ રહનેકા ભાવ હૈ તો ભી નિરોગ નહીં રહતી હૈ. વો તો જડકી અવસ્થા હૈ. .... કિ શરીરકો મૈં નિરોગ રખું. તો તો કોઈ રોગ હોવે હી નહીં શરીરમેં. વો તો જડકી– પરમાણુકી–પુદ્‌ગલકી અવસ્થાકો, આત્મા માનતા હૈ કિ મૈં કરતા હૂં. મૂઢ હૈ.

સમ્યગ્દ્રષ્ટિ ઐસા માનતા નહીં. ધર્મી માનતા હૈ કિ મૈં તો જ્ઞાન હૂં. મૈં તો વો હોતા હૈ ઉસકો જાનતા હૂં. મેરેસે હુઆ ઐસા મૈં માનતા નહીં. યે જહાં-તહાં.. હું કરું.. હું કરું.. હું કરું.. અભિમાન.. અભિમાન.. સાધુ નામ ધરાવે તો અભિમાન. મૈંને ઐસા ઉપદેશ દિયા, લોગોંકો ઐસા રંજન કર દિયા. અરે ભગવાન ! તુમ કૌન હો ? કહાં (પરમેં) ગયે (હો) તુમ? ક્યાં તેરે જ્ઞાનકા કોઈ ભાગ વાણીમેં આ ગયા હૈ ? કોઈ તેરે જ્ઞાનકા અંશ પરમેં પ્રવેશ કર ગયા હૈ કિ તુને કુછ દૂસરેકા કિયા ? સમ્યગ્દ્રષ્ટિ જીવકો **પરદ્રવ્યમાત્ર કે કર્તૃત્વ કી બુદ્ધિ તો નહીં હૈ**... બરાબર હશે વાડીભાઈ ? ધર્મકી દ્રષ્ટિ હુઈ નહિ, અસત્ય દ્રષ્ટિ હૈ, વો જહાં-તહાં જગતકી ચીજકા સ્વામી હોકર–માલિક હોકર કર્તા માનતા હૈ. માનતા હૈ, કર સકતા નહીં. સમજાણું ?

**પરંતુ શેષ કષાયોં કે ઉદય સે કુછ રાગ-દ્વેષ હોતા હૈ**... કહતે હૈં કિ આત્માકા ભાન હુઆ હૈ, ઈતના રાગ ઔર ભ્રમણા ગઈ. થોડા રાગ હૈ. **ઉસકો કર્મ કે ઉદય કે નિમિત્ત સે હુએ જાનતા હૈ**. રાગ આદિ હોતા હૈ વો મેરે સ્વભાવકી ચીજ નહીં. કર્મકે નિમિત્તકા જિતના–થોડા સંગ હૈ ઉસસે ઉત્પન્ન વો તો ઉપાધિભાવ હૈ. સમ્યગ્દ્રષ્ટિ–ધર્મી અપનેકો પરદ્રવ્યમાત્રકા રખનેવાલા, કરનેવાલા, બનાનેવાલા, વ્યવસ્થાપક નહિ માનતા ઔર થોડા રાગ બાકી હૈ ઉસે ઉપાધિ માનતા હૈ. વો તો રોગ હૈ. થોડા રાગ તો આતા હૈ, જબ (તક) વીતરાગ સર્વજ્ઞ ન હો તબ (તક). **ઈસલિયે ઉસમેં ભી કર્તૃત્વબુદ્ધિ નહીં હૈ**... રાગ મૈં રખતા હૂં ઐસી ઉસકી બુદ્ધિ તો વિકાર હૈ.. વિકાર(કા) વ્યાપાર હૈ. આત્માકે સ્વભાવમેં કુછ લાભ કરનેવાલા (નહીં). પરિણતિ જરી નબળાઈસે આ જાતી હૈ. મૈં (ઉસે) રખનેકા કર્તા (ભી નહીં). સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થાશ્રમમેં આત્માકા અનુભવ સમ્યગ્દર્શન હો તો ભી ઐસે (કર્તા) માનતા નહીં.

**તો ભી ઉન ભાવોં કો રોગ કે સમાન જાનકર**.... યે વિકલ્પ ઉઠતે હૈં દયા-દાન, વાસના જરી રાગકી **ઉન ભાવોં કો રોગ કે સમાન જાનકર**... રોગ.. રોગ.. રોગ.. રોગ.. રોગ અચ્છા હૈ ? રોગ રખનેકી ઇચ્છા હૈ ? **જાનકર અચ્છા નહીં સમજતા હૈ**. ૧૦૪ ડિગ્રી તાવ-બુખાર અચ્છા હૈ ? નહિ. ૯૯ ડિગ્રી ? અચ્છા નહિ ? અચ્છા તો કહતે હૈં લોગ. અરે ૯૯ ડિગ્રી ભી જો છ મહિના ચલે તો જીથરીમેં ફોટા લેના પડે કિ ક્યા હૈ. કુછ હૈ કિ નહિ ? અંદર ફેફસામેં રોગ... સમજમેં આયા ? એક પુણ્યકા રાગ વિકલ્પમાત્ર ભી રોગ હૈ. ઉસકો અચ્છા માનનેવાલેકો ક્ષયરોગ પડા હૈ. (શ્રોતા : ....) ૯૯... પર તુમકો ખબર નહિ ડોક્ટરકો? ૯૯.. ૯૯.. ૯૯ થોડા અંદર (બુખાર) રહતા હૈ બહોત થોડાસા. કિતને સાલસે હૈ ? છ માસ. કુછ કુછ ફેફસામેં દરદ હોગા. ફેફસામેં ક્યા કહતે હૈં ? ચાંદા પડે ચાંદા. ચાંદા

પડેને ચાંદા. આહીં જીથરી ફોટો લેવરાવો. ઘણા એવા માણસો આવે છે. જુવાન હોય.. શરીરમાં કાંઈ થતું નથી. લોહી તો અચ્છા હૈ. કંઈપણ છ માસસે.... ફોટો પાડે તો કહે, ક્ષય હૈ. હેં ! ..... દુસરે ભાગમેં ગયા નહીં. કદાચિત્ મિટે તો મિટે. લાવો ખાટલો લાવો. જીથરી છેને ખાટલા. એમ ૯૯ (તાવ જેવો) રાગનો એક કણ પણ ભલો જાણે, યે રોગકો ભલા જાનનેવાલા હૈ. સમ્યગ્દ્રષ્ટિ રાગકો ભલા જાનતા નહીં.

**ઈસપ્રકાર અપને ભાવોંસે હી કષાય-વિષયોં સે પ્રીતિ બુદ્ધિ નહીં હૈ... ઈસપ્રકાર અપને ભાવોંસે હી** ધર્મીકો કષાય એટલે ક્રોધ, માન, માયા, લોભ, પાંચે ઈન્દ્રિયના વિષય ભાવ ઉસમેં **પ્રીતિ બુદ્ધિ નહીં હૈ, ઈસલિયે ઉનસે લિપ્ત નહીં હોતા...** સમ્યગ્દ્રષ્ટિ તેનાથી લેપાયમાન થતો નથી. **જલકમલવત્ નિર્લેપ રહતા હૈ**. રાગ અને પરદ્રવ્યસે ભિન્ન કર્તા હોકર નિર્લેપદ્રષ્ટિમેં રહતે હૈં. **ઈસસે આગામી કર્મ કા બંધ નહીં હોતા હૈ**. ઈસસે આગામી કર્મકા બંધ ઉસકો હોતા નહીં. **સંસાર કી વૃદ્ધિ નહીં હોતી હૈ...** ભવ બઢતે નહીં. **ઐસા આશય હૈ**. યે ગાથાકા ઐસા આશય કહનેમેં આયા હૈ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૩
### ગાથા ૧૧૦, ૧૧૧

૧૧૦ ગાથા છે. કૌંસમાં છે. **નિરંતર સ્મરણમેં રખના**.... એમ આવ્યું હતુંને પહેલું? દીક્ષા કાલકી નિરંતર ભાવના કરના. એ ટીકાનો શબ્દ છે. ભાષાકારે મૂક્યું છે. **ક્યા? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકે વૃદ્ધિ હેતુ**... પહેલો આ તર્ક છે કે સમ્યગ્દર્શન.... આત્માનો સ્વભાવ છે એ એનો માલ છે. અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ તત્ત્વનો માલ–સ્વભાવ એ વસ્તુસ્વભાવ છે. એનું ભાન થઈને મૂળ પહેલી પ્રતીત–સમ્યગ્દર્શન થાય અને એ સ્વરૂપનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જે છે અંદર માલ–તત્ત્વ એનું જ્ઞાન થાય અને એમાં રમણતા થાય—એની વૃદ્ધિને હેતુ.... આ ત્રણ તો છે કહે છે. મુનિની વ્યાખ્યા છેને વિશેષપણે ? ત્રણ તો છે, પણ ત્રણની વૃદ્ધિને હેતુ **હે મુનિ ! દીક્ષા કે સમય કી અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્ત દશા કો**... લિયા સ્મરણમેં. સમ્યગ્દ્રષ્ટિ જીવ જ્યારે દીક્ષા– ચારિત્ર લે છે, એ વખતની એને દીક્ષા સમયની અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્તિ છે. જાણે બિલ્કુલ પર ઉપર લક્ષ જ ન કરું અને અંતરમાં જાઉં, એવી તીવ્ર ઉત્સાહદશા તે વખતે હોય છે. (શ્રોતા : .....) ભાવ ભલે હોય, પણ પાછળ શુદ્ધિની વૃદ્ધિ...... લક્ષ ન્યાં છે ને ? વૈરાગ્ય—રાગથી રહિત, સ્વરૂપ તરફના વલણવાળું ચિંતવન એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિનું કારણ છે.

દીક્ષાને સમયે... આ તો સાચી દીક્ષા હોં, આ અત્યારે સાધારણ લે છે એ કંઈ દીક્ષા નથી. આ તો આત્માનો સ્વભાવ–માલ જેને અંતરનો ભાસ્યો છે. હું એક ચૈતન્યના સ્વભાવ–માલવાળી ચીજ છું, તત્ત્વ છું, પદાર્થ છું, વસ્તુ છું. મારામાં તો અનંત આનંદનો માલ વસ્યો છે. એની પર્યાય એનું માપ કરે છે. (શ્રોતા : એ શું છે?) એક સમયની દર્શન-જ્ઞાન-પર્યાય એનું માપ કરે છે કે આ પૂર્ણ છે એમ. માલ... વસ્તુ છેને તત્ત્વ–પદાર્થ. એનો જે ત્રિકાળી સ્વભાવ–તત્ત્વનું સત્ત્વ આખું, ધ્રુવ સત્ત્વ, એનું જેણે જ્ઞાનની પર્યાયમાં માપ કાઢ્યું છે કે આ ચીજ આવી છે. અને એ જ્ઞાનમાં એનું માપ એમ છે એવું આવતાં એને જે પ્રતીત થાય છે એનું નામ સમ્યગ્દર્શન છે. અને તે સ્વરૂપ નામ માલની કિંમત થઈ, પર્યાયે માપ કર્યું, પ્રતીતિ થઈ. એ ઉપરાંત હવે મારા સ્વરૂપમાં જે શક્તિરૂપે છે એને પર્યાયમાં લાવવા, અંતર રમણતા કરવી એનું નામ ચારિત્ર છે. એ ત્રણની વૃદ્ધિના હેતુએ વિચાર કરવો, એમ કહે છે.

દીક્ષાને સમયે આમ વૈરાગ્ય આવે અંદર. આખી દુનિયાથી જાણે ઉદાસ.. ઉદાસ.. ઉદયભાવથી પણ ઉદાસ.. મુનિપણું એટલે શું ! આહાહા ! (શ્રોતા : ....) સ્વભાવ સન્મુખ. (શ્રોતા .......) ના, ગુણસ્થાન તો છઠ્ઠું-સાતમું. દીક્ષા વખતે ભાવ જે હતોને એ આટલો હતો, બસ. પછી તો દીક્ષા થઈ, ત્યાં એ તો સાતમા (ગુણસ્થાને) ધ્યાનમાં રહે, પણ દીક્ષા પહેલા (ભાવ) તો આવો હોયને ? એકદમ પરથી ખસીને પૂર્ણ અંદરમાં જાવું છે. એવું ‘જયધવલ’માં આવે છે ને? ‘જયધવલ’. મેં તો દીક્ષા વખતે શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો છે. (શ્રોતા : .....) હા, એ. મેં તો શુદ્ધ ઉપયોગ... જેમાં શુભભાવ પણ ન આવે. આહાહા ! ‘જયધવલ’. ત્યારે પ્રશ્ન આવ્યો હતો વીંછિયા. બે હજારની સાલ. ૩૦ વર્ષ થયા. ...... (સંવત) ૨૦૦૦. એમાં આ આવ્યું હતું. કીધું, ન્યાં કહ્યું હતું પહેલું.

જુઓ ! આ મુનિપણું ! તદ્દન ઉગ્ર ઉત્સાહથી આત્મા મારી ચીજ જે મૂળ વસ્તુ એમાં રમણ કરવું એ મેં પ્રતિજ્ઞા કરી હતી. આહા ! પણ આ શુભભાવ આવ્યો મહાવ્રત આદિનો, આહાર લેવાની વૃત્તિ આવી, એ મારું પચ્ચખાણ ભંગ થઈ ગયું. આહાહા ! વાણી તો જુઓ દિગંબર સંતોની ! એ કાંઈ કહે છેને ? આહાહા ! અરે ! મેં તો આત્માના અંતર આનંદસ્વરૂપમાં રમવું એવી મેં પ્રતિજ્ઞા કરી હતી, એ સિવાય બીજું નહીં. આહા ! અરે ! આ પાંચ-પચાસ વર્ષ કે લાખ-બે લાખ વર્ષમાં જે કંઈ શુભ ઉપયોગ આવ્યો અને એમાં હું અટક્યો, એ મારી પ્રતિજ્ઞાનો ભંગ થયો છે. આહાહા ! ગજબ વાત છે ને ! (શ્રોતા : ......) એ મુનિ(પણું)–ઉત્કૃષ્ટની વાત લીધી છે અહીંયા તો. એમાં આવે છે જયધવલમાં, પાઠ છે એ. મેં તો મારા શુદ્ધ ઉપયોગરૂપી લિંગપણું ગ્રહણ કર્યું છે. પંચ મહાવ્રતના વિકલ્પ એમ નહીં.

એ તો ‘મોક્ષમાર્ગ પ્રકાશક’માંય આવે છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે, શરૂઆતમાં. મેં તો શુદ્ધ ઉપયોગરૂપી મુનિપણું જે મોક્ષનું સાધન એને મેં અંગીકાર કર્યું છે. આહાહા ! ઉદયભાવથી મરી ગયો છું હું તો. મારા શુદ્ધ ઉપયોગથી રમું એ મારી ચીજ છે. આહાહા ! એવા મુનિપણાની પ્રતિજ્ઞા લીધી હતી, (એમાં) વચમાં આહારની વૃત્તિ આવી, આ શુભ ઉપયોગ, ધર્મ ઉપદેશ કરવો ને મહાવ્રતના પરિણામ... આહા ! જુઓ તો ખરા ! દિગંબરના તીવ્ર વચનોને લઈને.... આવે છેને શ્રીમદ્‌માં ? રહસ્ય સમજી શકાય છે. કે અહો ! વીતરાગતાનું વર્ણન ! જેને (એમ લાગે છે કે) પંચ મહાવ્રતના પરિણામથી પણ મારી પ્રતિજ્ઞામાં ભંગ થયો છે. આહાહા ! હું ફેર પ્રતિજ્ઞા લઉં છું મરણને ટાણે, સમાધિમરણને ટાણે.. આહાહા ! દેહ છૂટવાનો કાળ છે. હું ફેર પ્રતિજ્ઞા લઉં છું. મારે તો શુદ્ધ ઉપયોગમાં રહેવું છે. આહાહા ! ત્યારે એ પચ્ચખાણ કરી દેહ છોડે સમાધિમરણમાં. આહાહા ! દેહ

છૂટવાનો સમય તો આવશે કે નહિ ? બધાયને નહિ આવે ? જુવાનોને પછી આવશે એમ હશે ? આહાહા ! પરથી છૂટો તદ્દન ઉદાસ છું, મારા સ્વરૂપમાં હું સાવધાન છું. આહાહા ! દીક્ષા પ્રતિ જે ઉત્સાહ હતો એવી વિરક્તદશાને યાદ કરે છે. આહાહા ! આ તો સાચી દીક્ષાની વાત છે ને ? સમ્યગ્દર્શન સહિતની વાત છે. આહાહા !

દીક્ષા એટલે જે આત્માનો સ્વભાવ—સ્વ-ભાવ—કાયમી વસ્તુનો ભાવ—આનંદભાવ, જ્ઞાનભાવ, નિત્યાનંદભાવ, પ્રભુતાની પૂર્ણતાની સ્વચ્છતાનો ભાવ એવો જે મારો સ્વભાવ—એને મેં જે અનુભવમાં, પ્રતીતિમાં લીધો છે, હવે મારા માલમાં મારે રમવું છે. આહાહા ! મારી ઘરની ચીજમાં મારે રમવું છે, એનું નામ ચારિત્ર છે. આહાહા ! કહો, વજુભાઈ ! પહેલું જાણવું તો પડશે કે નહિ કે વસ્તુની સ્થિતિ આવી છે ? આહાહા ! વસ્તુ છેને પણ ? મહાવસ્તુ માલ. એક સમયની પર્યાય એ તો બારદાન છે, એ માલનું માપ કરનાર છે. આહાહા ! વસ્તુ છે ને ? રાગ-દ્વેષ તો નહીં, પણ વર્તમાન પર્યાય જે છે એ પર્યાય ત્રિકાળી વસ્તુનું માપ કરે, માલને તોળે છે. આહા ! એવી સમ્યગ્દર્શનપર્યાય, સમ્યગ્જ્ઞાનપર્યાયમાં આવો માલ જેને અંતર બેઠો છે. વસ્તુ છેને પણ એ ? સત્વ છે ને? સત્‌નું સત્ત્વ છે ને ? સત્ પણું છે ને ? પૂર્ણ આનંદ ને પૂર્ણ સ્વચ્છતા ને પૂર્ણ પ્રભુતા એ એનું મૂળ સ્વરૂપ–માલ છે. એ માલનું માપ કરીને પ્રતીતિ જેને અંતરમાં થઈ ગઈ છે, એને હવે દીક્ષાકાળે અંતર રમણતામાં તો એટલી ઉત્સુકતા થાય છે કે હવે હું તો આમાં જ આવું, બસ થઈ રહ્યું. બહાર નીકળવું જ નથી. આહાહા !

એવી **અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્ત દશા કો** સમરણમાં લાવે. આહાહા ! એક વાત. **કિસી રોગોત્પતિ કે સમય**... રોગ આકરો આવ્યો હોય શરીરમાં. આહા ! એક છોડી જુવાન હતી ૧૨-૧૩ વર્ષની. એને રાણપુરમાં હડકાયું કૂતરું કરડ્યું. આપણે પ્રેમચંદભાઈ હતાને એના ભાઈબંધ હતા, મોઢ. એની દીકરી હતી. એના બાપ મરી ગયા હતા. આ પ્રેમચંદભાઈ, નહિ ? ..... એને હડકાયું કૂતરું કરડ્યું. એમાં હડકાયું કૂતરું .... ન દેખાડાય પાણી, ન પવાય પાણી, ન અપાય આહાર, ન નખાય પંખો, એટલી પીડા એને (કે) પવનેય નખાય નહિ. આહાહા ! આવા રોગ ટાણે કેવો વૈરાગ્ય હોય ! વૈરાગ્ય કરે તો. (શ્રોતા : વૈરાગીને ....). વૈરાગીને .... આહાહા ! પ્રેમચંદભાઈને કહે, કાકા ! એ મોઢ હતા. ...... બહુ મિત્ર હતા. મરી ગયા એ તો બિચારા. પ્રેમચંદભાઈ બેઠેલા. કાકા ! મને ક્યાંય ચેન પડતું નથી. મને શું પીડા થાય છે એ હું કહી શકતી નથી. કાંઈ મને ખબર પડતી નથી. પીડા.. પીડા.. પીડા.. હડકાયું કૂતરું.... કાંઈ ચેન પડે નહીં. આહાહા ! સૂતા સૂવાય નહીં, બેઠા બેસાય નહિ, પવનના પંખા નખાય નહિ, પાણી પીવાય નહિ, આહાર લેવાય નહિ.

આહાહા! એ ૨૪ કલાકે કે ૪૮ કલાકે દેહ એમને એમ છૂટી જશે. આહાહા ! જુઓ ! આ રોગના કાળ. એ વખતે ધર્માત્માને વૈરાગ્ય એવો આવે.. આહાહા ! આ શરીર !

એક ગાયને મેં જોઈ હતી હીરાભાઈના મકાનમાં હતાને ત્યારે. ગાય એક હતી એને હડકાયું કૂતરું કરડેલું. ગાય મોટી લઠ્ઠ જેવી. ગાય ચારેકોર ફર્યાફર..... ન પીવે પાણી, નહિ આહાર, નહિ પવન. અરેરાટ ! એ ૨૪ કલાક કે થોડા કલાક રહી. ... કંઈ હતું એમાં પડી પડીને તરફડીયા મારે. શરીર જુઓ તો નિરોગ જુવાન અવસ્થા હતી એ ગાયની. એક પોલીસ નીકળ્યો. પોલીસને કીધું, આ શું છે આ ? આ શું સ્થિતિ થાય છે જોઈ તેં ? દેહની આ સ્થિતિ છે બાપા ! આહાહા ! આત્મા અંદર દેહથી જુદી ચીજ છે એની ખબરું નથી. એ પોલીસેય બિચારો ..... જુઓ ! કીધું, જુઓ ! આ તરફડે. આહાહા ! એમાં કાગડા મારે .... પૂંછડું હલાવી શકે નહીં. જુઓ ! આ દશા શરીરની. આહાહા ! એવા રોગને કાળે જ્યારે વૈરાગ્યની વૃત્તિ ઊભી થઈ હોય ત્યારે, કહે છે કે યાદ રાખજે ભાઈ ! આહાહા ! દુનિયાની લાલચમાં ભૂલી ન જજે ભાઈ ! એવે કાળે કેમ ભૂલી જાય છે આહાર-પાણી ? આહાહા !

લાઠીવાળી બાઈનું નહોતું કહ્યું ? ઘણીવાર કહ્યું છે. લાઠીની છોડી હતી જુવાન અને રૂપાળી. બે વરસનું પરણેતર. એનો ધણી નવી પરણેલો. જૂની મરી ગયેલી. શીતળા નીકળ્યા. દાણે-દાણે ઈયળ. ધીરૂભાઈનું મકાન છેને ત્યાં ? આપણે તલકચંદભાઈ, નહિ ? એના ડેલામાં પાછળ હતા. તળાઈમાં નાખેલી. આમ જુવાન અવસ્થા, રૂપાળું શરીર. નવી પરણેલી, એમાં ધણી... આહા ! આમ શરીર કરે તો, બા ! મેં આવા પાપ આ ભવમાં નથી કર્યાં. મારાથી કાંઈ સહન થતું નથી. કેમ શું થાય છે, શું કરવું, કાંઈ સૂઝ પડતી નથી. આમ ફેરવે તો હજારો ઈયળું આમ (પડે), આમ ફેરવે તો હજારો ઈયળું આમ પડે. દાણે- દાણે ઇયળ પડેલી. આહાહા ! આવા રોગના સમયને યાદ કરજે ભાઈ ! આહાહા ! એને નહિ, પણ તને પણ આમ થાય તો શું થાય—એમ યાદ કરજે બાપુ ! આહાહા !

એવા રોગની ઉત્પત્તિને કાળે.... આહાહા ! જુવાનજોધ અવસ્થા હતી હોં બાઈની. જુવાન હતી બાઈ. નરમ હતી બાઈ બિચારી. નરમ હતી. ઘણીવાર આવેને. એમ ને એમ સૂકાઈ ગઈ, પછી મરી ગઈ. આહાહા ! ન ભાવે ખાવું, ન ભાવે પીવું, ન ઊંઘ આવે, ન જાગતાં ઠીક પડે. કાંઈ ઠીક ન પડે. આહાહા ! આવે છેને ? શરીરમાં કેટલા કરોડ રોગ હોય છે ? કેટલા રોગ ? એય ધનજીભાઈ ! (શ્રોતા : ૫,૬૮,૯૬,૫૮૪). આહાહા ! આ રૂપાળા શરીર લાગે સારા. એમાં જ્યારે પાંચ કરોડ રોગ ફાટે રૂંવાટે રૂંવાટે. હમણાં આવશે આપણે આમાં. છેલ્લું. પહેલી ગાથાઓ .... છેને ? ૩૪ ગાથા ..... એક-એક અંગુલમાં ૯૬-૯૬ રોગ

છે. આહાહા ! છેને એમાં ? કેટલામું ? ૧૫૦ પાનું. ગાથા ૩૭, લ્યો. ૩૭ ગાથા છે એ. આપણે પડી રહી. ૩૭ ગાથા છે.

**एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं ।**
**अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया ।।३७।।**

મનુષ્યકે શરીરમેં એક-એક અંગુલમેં ૯૬-૯૬ રોગ... એક આટલો આંગળો (-વેઢો) એટલામાં ૯૬ રોગ. એવા આખા શરીરમાં... સમજાણું ? આહા ! એક-એક આટલું (વેઢિયુંને) અંગુલ કહેવાય. એમાં ૯૬ રોગ. એવા આખા શરીરમાં... ફાટે ત્યારે ખબર પડે. આહા ! છેવટે મરણ ટાણે આમ હાય.. હાય..! આંખ્યુંમાંથી આંસુ ચાલ્યા જાય. ....ભાઈના દીકરા અમુલખ હતા. નાનાલાલભાઈના કાકાના દીકરા. નાનાલાલભાઈ કરોડપતિ. બધા ઊભા હતા. આખો ઓરડો ભર્યો હતો. કરોડપતિ એના ભાઈ ત્રણેય— નાનાલાલભાઈ, મોહનભાઈ, બેચરભાઈ. એના કાકાનો દીકરો હતો. અમારું ચોમાસું ન્યાં હતું ૯૯માં. મરવાનું ટાણું અને બોલાવ્યા મંગલિક સંભળાવવા. ત્યાં બેચરભાઈએ હાથમાં રકાબીમાં જરી મોસંબી લઈ એને વહોરવા માટે આપી. પણ એ હાથમાં ઝાલી શક્યો નહિ અને આંખમાંથી આંસુની ધારા ચાલે. આ બધા ભાઈઓ કરોડપતિ હતા. શું હાલ નાખેને આમ ? એ વખતનો દશા જોઈ હોય તો... ૯૯ની સાલની વાત છે. ૩૨ વરસ થયા. રાજકોટમાં. ભાઈ ! એવા ટાણાને યાદ કરજે, કહે છે. આહાહા ! શાતાશીળીયા થઈને ખાધા-પીધાના ભાવને ભૂલી જજે હવે આવે ટાણે. આહાહા !

અહીંયા આવ્યુંને ? **રોગોત્પત્તિ કે સમય કી ઉગ્ર જ્ઞાન-વૈરાગ્ય સંપત્તિ કો....** દેખો ! ભાઈ ! આહાહા ! અરેરે ! એક ક્ષણ પણ શરીરમાં રહેવું ઠીક નથી—એમ લાગે એને. એમાં રાડેરાડ. ઈયળું ચાલે, બળતરા થાય, ઝબકારા બોલે એના અંદરમાં અગ્નિના. અગ્નિના તણખા હોય એમ આખા શરીરમાં લાગે, પગમાં અગ્નિના તણખા બોલતા હોય. આહાહા ! એવી રીતે એના આંતરડાઓમાં આમ... એવા રોગના સમયે ધર્મીને જ્ઞાન ને વૈરાગ્યની સંપત્તિ પ્રગટી છે એને યાદ કરજે ભાઈ ! આહાહા ! એ શરીરના રજકણો પણ મારા ધાર્યા ન થાય, એ હું કોને કહું કે આમ કરજે ? આહાહા !

કહે છે કે આવા ટાણે, હે મુનિ ! આવા રોગના કાળને યાદ કરજે. એ વખતની વૈરાગ્ય ને જ્ઞાનની સંપદાને યાદ કરજે એમ કહે છે. આહાહા ! એ વખતનું જ્ઞાન, એ વખતનો વૈરાગ્ય. આહાહા ! આ આત્માના મોક્ષમાર્ગની વૃદ્ધિને હેતુ આવી ભાવના કરજે. દુનિયાને ભૂલી જજે. આહા ! દુનિયા ક્યાં છે અને શું છે, એ એને ઘેરે રહી. મને કાંઈ મદદ કરે એવું છે નહીં. આહાહા ! આંખમાંથી આંસુ, ભાઈ ! બેચરભાઈના આંખમાંથી આંસુ જાતા હતા.

એના ઓલાને ડબલ ન્યુમોનિયા હતો. સૂવડાવે આમ હેઠે મૂકતા... મરવાની તૈયારી ...... પીડા.. પીડા.. પીડા.. ધારા ચાલી જાય આંખમાંથી. બેચરભાઈના આંખમાંથી આંસુ જાય. આહાહા ! નાનાલાલભાઈના ભાઈ બેચરભાઈ. મોટું શરીર.... પોતે મરતાં અસાધ્ય થઈ ગયેલાને. હડફેટ વાગી કંઈક. બેચરભાઈ અસાધ્ય રહ્યા હતા. .... એમ કાંઈક થયું હતું. અસાધ્ય.. અસાધ્ય.. કાંઈ ખબર ન મળે. મોટું શરીર એવું... આહાહા !

બાપુ ! એ જડના રોગને કાળે એ વખતે જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્યની દશા હોય, તે દશાને યાદ કરજે. આહાહા ! આમ યાદ કરીશ નહિ કે મેં આમ શાતાપણે આમ લીધા ને બહુ ખાધા ને પીધા ને. મરી ગયો હવે. ખાધા-પીધા શું હતું ? આહાહા ! ખાધા-પીધા એ રાગ હતો. આહાહા ! રાગમાં તો રૂદન હતું. આત્માની શાંતિ રગડાઈ જતી. આહાહા ! એ ખાવા-પીવાની હોંશુમાં, પ્રભુ ! શાંતિને તો રગડી મારી તેં. આહાહા ! આ તો અંતરના માર્ગની શુદ્ધિની વૃદ્ધિ માટે આવી ભાવના કરજે, એમ કહે છે. તારો તો માલ પડ્યો છે. મોટી દુકાન છે અંદર. આહાહા ! મોટું ગોદામ છે. તારો ધ્રુવ મોટો ગોદામ છે. આહાહા ! અરે ! એ વાત બેસે કેમ ? ભાઈ ! પણ તું વસ્તુ છોને નાથ ! તત્ત્વ છો કે નહિ ? પદાર્થ છે કે નહીં ? એ પદાર્થ એક સમયની દશામાં આવી ગયો છે ? આહા ! એક સમયની પર્યાય– પલટતી દશા એમાં એ માલ આખો આવી ગયો છે ? એ તો ભિન્ન છે આખો. આહાહા ! એવા સ્વભાવની સન્મુખતાની દ્રષ્ટિ-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યાં છે, એની શુદ્ધિની વૃદ્ધિ માટે આવી ભાવના કરજે ભાઈ ! આ તો ભઈ ! જેને આત્માનું કલ્યાણ કરવું હોય એની વાતું છે. બીજાને તો (એમ લાગે કે) આ શું માંડી ? મારી નાખ્યા. તો અમારે સંસારનું કાંઈ કરવું રહ્યું નહીંને ? કોણ કરે ? બાપુ ! સાંભળને ભાઈ ! રાગ ને દ્વેષ, સંકલ્પ ને વિકલ્પ કરે. આહાહા !

બે વાત થઈ. **કિસી દુઃખ કે અવસર પર પ્રગટ હુઈ ઉદાસીનતા**... એવા કોઈ દુઃખ આવ્યા હોય, દીકરો મરી ગયો હોય ૨૦ વરસનો. બે દિવસના પરણેતરે મરી જાય અને એ વખતે એને વૈરાગ્ય થાય. આહા ! દુઃખનો પ્રસંગ છે ને. આહાહા ! એક ગામમાં એક ભાઈ મરી ગયો. બીજા ભાઈને ન કહેવાય કારણ કે એની પણ મરવાની તૈયારી હતી. એક મરી ગયો ને સ્મશાનમાં લઈ ગયા. બાળીને આહીં આવ્યા ત્યાં આ મરી ગયો. એને કહેવાય નહિ કે આ મરી ગયો છે બીજો ભાઈ. આહા ! ..... એવા દુઃખના પ્રસંગ (તારી સાથે) પણ ભજ્યા હોય. આહાહા ! એ પોકે પોકે રોતો હોય એ વખતે. અરેરે ! મારા દુઃખ કોને કહું ? કુંવરજીભાઈ કહેતા.

જ્ઞાનીને એ દુઃખના પ્રસંગે વૈરાગ્ય થઈ ગયો હોય છે. આહાહા ! દીકરો મર્યો હોય, દીકરી રાંડી હોય, મકાન બળ્યું હોય, વીમાવાળો એ જ વખતે ભાંગ્યો હોય. હા, ચારેકોરની લાગી હોય સરખી. એવા પ્રસંગે, હે જ્ઞાની ! યાદ કરજે તારા વૈરાગ્યને. આહાહા ! એ દુઃખના અવસર. પહેલું હતું દીક્ષાના વૈરાગ્યની, બીજો હતો રોગ પ્રત્યેનું, ત્રીજો દુઃખનો પ્રસંગ, એમ. દીકરી રાંડી હોય, દીકરો મર્યો હોય, બાયડી મરે નાની ઉંમરમાં અને ૨-૨ વર્ષના આંતરાના ૭-૮ છોકરા હોય. દસ-દસ છોકરા હોય, છોડીયું હોય. એ વખતે બાઈ મરી જાય, ઉંમર ૫૦ વરસની હોય, એ વખતે એને (-વૈરાગ્યને) યાદ કરજે, બાપા ! તને શું....? આ તો જ્ઞાનીની વાત છે ને. એ ફૂલચંદભાઈ ! આહાહા ! ઓલાને તો કાંઈ નહિ થાય. એ મરશે તો હું બીજી કરીશ. મોટી ઉંમર હોય તો બીજી ન થાય. પણ આ તો ધર્મીની વાત છે. ધર્મીને એવા બહારના પ્રસંગ આવ્યા હોય અને એ વખતે એને જ્ઞાન ને વૈરાગ્યની ધારા હોય એ યાદ કરજે તું, ભાઈ ! એમ કહે છે. આહાહા ! ૨૫-૨૫ વરસની દીકરી હોય, ઘરે પાલન-પોષણ કર્યું હોય, ખવરાવ્યું-પીવરાવ્યું બધું હોય અને એ પરણીને હરિજનને ઘેરે વઈ જાય, એ પ્રસંગ હોય ત્યારે શું થાતું હશે ? આ ખ્રિસ્તી-ખ્રિસ્તી લઈને વયા જાય છે ને. અત્યારે તો ઘણું થાય છે ને ? આહાહા ! એ બધું થાય. આહાહા !

આ કાળે એવો કાળ.... આ વૈરાગ્યના કાળ એવા બધા હોય છે. ૨૫-૨૫ વરસની છોડીયુંનું ભરણપોષણ કરીને (મોટી કરી હોય), મોટરમાં ફરવાની છૂટ આપી હોય, મોટરનો (ડ્રાઈવર) શીખ હોય એને લઈને વઈ જાય. શીખ શું કહેવાય ? શીખ કહેવાયને? મુંબઈમાં થયું છે. આ તો બધા બનેલા છેને ? સરદાર. હાં, સરદાર. એ સાચી વાત. આહાહા ! ધર્મીને પણ સંસારમાં એવો પ્રસંગ આવી જાય, કહે છે. આહા ! એ વખતે એને વૈરાગ્ય ને જ્ઞાનની ધારા આવે. આહાહા ! એ વખતનો પ્રસંગ છે આ. ધર્મીના પ્રસંગની વાત છે હોં. આહાહા ! એને ક્યાં મોઢું દેખાડવું, ક્યાં કરવું એમ થઈ જાય. હાય.. હાય..! પાંચ (માણસ)માં મોઢા આગળ બેસીને વાતું કરી હોય મોટી-મોટી. આ ઘેરે આવીને (ખબર પડી કે) આ થયું. હાય.. હાય..! જ્ઞાન ને વૈરાગ્ય થયા હોય ધર્મીને, એવા પ્રસંગમાં એને તું યાદ કરજે. ધર્મીને કહે છે. પ્રગટ ઉદાસીનતા.. ઉદાસ.. આહાહા !

ઘરમાં ૨૦ વરસનો છોકરો મરી ગયો હોય અને શિયાળાના દિ'માં પાક કર્યા હોય, ઓલા સાલમપાક ને શું કહેવાય એ ? સવારમાં અડદિયો ને.. એ બધા ઉપર ઉદાસ થઈ જાય ઉદાસ.. હાય.. હાય..! એક બાપ હતો. એકની એક દીકરી, એના પર એટલો પ્રેમ. કોઈ નહોતું ને દીકરો મરી ગયેલો ને એકની એક દીકરી. પ્રેમ બહુ. અફીણનું બંધાણ બહુ અફીણનું બંધાણ ઘણું. એ છોડી મરી ગઈ ને બાળીને આવ્યા. અરેરે ! જેના ઉપર મેં આખો

રાગ ઢોળ્યો. બાયડી નથી, છોકરા નથી, છોડી એક હતી. અરેરે ! એ છોડીને ગઈ, તો આ અફીણ છોડ્યું ન જાય હવે ? એ અફીણની દાબલી નાખી દીધી. અફીણનું જ બંધાણ... નાંખી દીધું. આહા ! આવા પ્રસંગ. દીકરી ને બાપ—બે. બાપ ને (દિકરી) બે જણા. એમાં આ એક ઉપર બહુ પ્રેમ. આ મરી ગઈ, એને બાળીને આવ્યો ને આહાહા ! આ અફીણનું ટાણું આવ્યુંને, બાપા ! લ્યોને. અરે ભાઈ ! એ દીકરી વિના ચાલશે કે નહિ હવે ? તો અફીણ વિના ન ચાલે ? એ દાબલી અફીણની હતી તે ફેંકી દીધી. એવા પ્રસંગને યાદ કરજે બાપુ ! એમ કહે છે. આહા ! પંડિતજી ! આહાહા ! અફીણ છોડી દીધું. ..... છોડ દિયા, અફીણકા બંધાણ થા વહ છોડ દિયા. એકની એક છોકરી વિના ચાલે છે, હવે હું એકલો રહ્યો. આહાહા !

કહે છે કે આત્માનું જેને ભાન થયું છે કે હું એક ચૈતન્ય આનંદના માલવાળું તત્ત્વ છું. મારામાં અતીન્દ્રિય આનંદ છે, આનંદનું ગોદામ છે મારો આત્મા આહાહા ! એવા અતીન્દ્રિય આનંદને ખોલીને એટલો કાઢી શકું અંદરથી, આહાહા ! એવી જેને પ્રતીતિ અને જ્ઞાન અને રમણતા થઈ છે એવા ધર્મીને, આવા પ્રસંગોને યાદ કરીને શુદ્ધિને વધારજે, એમ કહે છે. આહાહા ! કોઈ મારૂં નથી, હું કોઈનો નથી. એ તો હતું દ્રષ્ટિમાં. આ તો ચારિત્રની અસ્થિરતાની વ્યાખ્યામાં છે ને. આહાહા ! વસ્તુનો સ્વભાવ એ મારું શરણ છે એ મને ભાસ્યું છે. હવે બીજું કોઈ શરણ નથી જગતમાં. એમ ભાવના કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિને વધારે. આહાહા ! જયંતિભાઈ ! તમારા બે જણામાં એવો પ્રસંગ બન્યો ન હોય. વળી... ૩ બોલ કીધા.

**કિસી ઉપદેશ ઔર તત્ત્વવિચાર કે ધન્ય અવસર પર**... આહાહા ! આ ત્રીજો બોલ કહે છે. કોઈ ઉપદેશ એવો તત્ત્વનો આવ્યો, એ વખતે ધન્ય પળે એને વૈરાગ્ય થઈ ગયો હોય અંદરથી. આહાહા ! કોઈ ઉપદેશ અને તત્ત્વવિચાર.... કાં એ પોતે તત્ત્વના વિચારમાં ધારામાં.. 'આનંદસ્વરૂપ હું છું' એવી વિચારધારામાં કોઈ ઉલ્લસિત વીર્ય ફાટ્યું હોય અંદર. આહાહા ! **ધન્ય અવસર પર જગી પવિત્રતા**.... આહાહા ! ધન્ય સમયે અંદર આનંદના નાથ આત્માને જગાડીને જે સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં બહાર લાવ્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ? એવા **ધન્ય અવસર પર જગી પવિત્રતા અંતઃભાવના કો સ્મરણ મેં રખના**. એ વખતે ભાવના જે પ્રગટી હોય વૈરાગ્યની, એનો ઉપદેશ મળ્યો હોય સીધો ભગવાનનો, મુનિઓનો. આહાહા ! ફાટફાટ વૈરાગ્ય અંદર થઈ ગયો હોય. એવા પ્રસંગને, હે ધર્માત્મા ! યાદ રાખજે કે જેથી તને શુદ્ધિની વૃદ્ધિ થાય. બાપુ ! કોઈની સામું તું જોઈશ નહીં. આહાહા ! **ધન્ય અવસર પર**... ભાષા દેખો ! કોઈ ઉપદેશને કાળે કે

તત્ત્વવિચારને કાળે **ધન્ય અવસર પર જગી પવિત્ર અંત:ભાવના કો સ્મરણ મેં રખના. નિરંતર સ્વસન્મુખ જ્ઞાતાપનકા ધીરજ અર્થ સ્મરણ મેં રખના, ભૂલના નહીં**. એ ગાથાનો વિશેષ ભાવાર્થ છે.

**આગે ભાવલિંગ શુદ્ધ કરકે દ્રવ્યલિંગ સેવન કા ઉપદેશ કરતે હૈં**. હવે કહે છે કે હે મુનિ ! સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી દ્રવ્યલિંગ ધારણ કરજે. સમ્યગ્દર્શનના ભાન વિના બાહ્યલિંગ ધારણ કરીશ તો એમાં આત્માને કાંઈ લાભ નહીં થાય. લૂગડાં ફેરવી નગ્નપણું (લઈને) સાધુ માને, પણ અંતર ભાવમાં સમ્યગ્દર્શન એ ચીજ શું છે એની ખબરૂં ન મળે.

**सेवहि चुविहलिंगं अब्भंतरलिंगसुद्धिमावण्णो ।**
**बाहिरलिंगमकज्जं होइ फुडं भावरहियाणं।।१११।।**

**હે મુનિવર ! તૂ અભ્યંતરલિંગ કી શુદ્ધિ અર્થાત્ શુદ્ધતા કો પ્રાપ્ત હોકર**... અભ્યંતરલિંગ નામ આત્મદર્શન–સમ્યગ્દર્શન. આહાહા ! ભગવાન પૂર્ણાનંદનો નાથ એ હું છું—એવું જેને અનુભવમાં પ્રતીતિ થાય ત્યારે અભ્યંતરલિંગ–સમ્યગ્દર્શન પ્રગટ થયું કહેવાય. સમજાણું કાંઈ ? આ તો ન મળે સમ્યગ્દર્શન (અને) કેમ થાય ને શું છે એની ખબરું ન મળે અને દીક્ષા લઈને બેસે. લૂગડા ફેરવે કે નાગો થાય નગ્ન. આહાહા ! **હે મુનિવર ! તૂ અભ્યંતરલિંગ કી શુદ્ધિ અર્થાત્ શુદ્ધતા કો પ્રાપ્ત હોકર**... સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને, એમ કહે છે. આહાહા ! પહેલું કર્તવ્ય તો ધર્મીને આ છે. સમજાણું કાંઈ ?

શુદ્ધ ચૈતન્યવસ્તુ ભગવાન આત્મા એનું ચૈતન્યનું આત્માનું અંતરસ્વરૂપ– ભાવસ્વરૂપ તો એનું અંતર આનંદ છે, અતીન્દ્રિય આનંદનો એ તો દળ છે. આત્મા એને કહીએ કે અતીન્દ્રિય આનંદનો દળ–પિંડ એને આત્મા કહીએ. આહાહા ! આ શરીર કાંઈ આત્મા નથી, આ તો જડ-માટી-ધૂળ છે. કર્મ જડ છે. આ પુણ્ય ને પાપના ભાવ થાય... હિંસા-જૂઠ-ચોરી-વિષયભોગ એ પાપભાવના વિકાર અચેતન–જડ છે. આ દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના ભાવ થાય એ પણ રાગ ને અચેતન–જડ છે. આહાહા ! અચેતન છે ને ? જેમાં ચૈતન્યનું તત્ત્વ ન આવે, જ્ઞાનનો અંકુર જેમાં નથી એ રાગને શું કહેવું ? ચાહે તો વ્રતનો હોય, તપનો હોય, પૂજા ને ભક્તિનો (હોય), પણ એ રાગ તો અચેતન છે. આહાહા ! સમજાય છે ? અંદર ભગવાન આત્મા.. એ અચેતન વિકલ્પ ને રાગની પાછળ ચૈતન્યદળ ધ્રુવ સ્વરૂપ માલ પડ્યો છે આખો. આહાહા ! કઢાયેલો દૂધપાક જેમ પડ્યો હોયને કડાયામાં, એમ આત્મદ્રવ્યમાં આવો અતીન્દ્રિય આનંદનો દૂધપાક પાકેલો પડ્યો છે અંદર. આહાહા ! તૈયાર છે. આહાહા ! પણ હજી સાંભળ્યું નથી, ખબર નથી કે આત્મા શું કહેવાય ? હું કોણ છું, ક્યાં છું, (એની) હજી ખબરું ન મળે. આહાહા ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા અંદર અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય શાંતિ અને અતીન્દ્રિય સ્વચ્છતા અને અતીન્દ્રિય પ્રભુતા (સ્વરૂપ છે). આ બહારની સંઘવીની પદવી ને આ વકીલાતની પદવી, આ ડોક્ટરની પદવી ને આ શું કહેવાય ? સંઘપતિની, આ શેઠાઈની, એ બધી ધૂળની પદવીઓ છે. આહાહા ! અંદરમાં આત્માના આનંદનું સ્વચ્છપણું, પ્રભુતા... જેના સ્વભાવની પ્રભુતા.. એ પ્રભુતાના સામર્થ્યથી ભરેલો છે. પણ એને વિશ્વાસમાં આવે ત્યારે એ સામર્થ્ય ભાસેને ? કોઈ એમ કહે કે આવો સામર્થ્યવાળો છે તો પછી આમ કેમ ? પણ સામર્થ્યવાળો છે એમ બેઠું છે ક્યાં એને ? આહાહા ! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ આત્માને આવો કહે છે એવી તો એને ખબરેય નથી. એમાં અનંત બળ છે, અનંત જ્ઞાન છે, અનંત પ્રભુતા છે. સામર્થ્યનો પાર નથી એટલી પ્રભુતા ભરી છે. આહાહા !

તો એ પ્રભુતા કેમ એને બાહ્ય આવતી નથી ? કહે છે. પણ, બાપુ ! એમ છે એવો વિશ્વાસ તને ક્યાં આવ્યો છે ? તારે માટે તો એ નથી. હોવા છતાં પણ નથી. હોવાપણું છે એવું જેણે માન્યું એને હોવાપણું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાતું બાપુ ! ધર્મની વાત વીતરાગની બહુ ઝીણી છે. લોકો બહારથી કલ્પી બેઠા છે ને. આહાહા ! ક્યાંય આરા ન આવે એવી વાત છે. આ તો ચૈતન્ય ભગવાન અંદર, આહાહા ! મોટા તળાવમાં ઉતરવાના પગથીયા હોયને અંદર ? એનાથી ઉતરાય. આખી ચારેકોર ઓલી શું કહેવાય ? (શ્રોતા : પાળ) પાળથી કંઈ ઉતરાય ? ગારાવાળી હોય, ઓલી હોય, પગ ખસીને વયો જાય. આરો હોય ત્યાં ઉતરાય. એમ આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન એ અંતરમાં ઉતારવાના આરા છે. સમજાણું કાંઈ ? આહાહા !

ભગવાન તો પૂર્ણાનંદથી ભરેલો, અતીન્દ્રિયરસથી ભરેલો, છલોછલ ભરેલો આત્મા છે. આ કેમ બેસે ? એ કંઈ ૫-૧૦ હજાર પેદા થાય ત્યાં ખુશી થઈ જાય, બાયડી જરી સારી મળે ત્યાં રાજી થઈ જાય.. અરે ! એને આત્મામાં આનંદ છે અને અતીન્દ્રિય આનંદથી ભરેલો (છે એ) કેમ બેસે ? આહાહા ! પામરતાના પ્રમાણ બીજી જાતના થઈ ગયા. પ્રભુતાના પ્રમાણ ને આત્માની દ્રષ્ટિ જોઈએ, એ નથી. આહાહા ! કહે છે કે પ્રભુ તારો આત્મા, આહા ! અભ્યંતર(લિંગ)ની પ્રાપ્તિ કર્યા પછી **ચાર પ્રકાર કે બાહ્યલિંગ કા સેવન કર**. આહાહા ! પણ એના ભાન વિના તું બાહ્યલિંગ મુનિપણું ને શ્રાવકપણું લઈને બેસીશ, (તો) મિથ્યાત્વ છે બધું. આહાહા ! ઓહો ! ભાવપાહુડતા ! ચૈતન્યનો નિર્વિકલ્પ સ્વભાવ પૂર્ણ, એક-એક ગુણ પૂર્ણ એવા તો અનંત ગુણનો પિંડ છે, અનંત શક્તિનું સામર્થ્ય છે. એવો એ સ્વભાવ એની સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરીને શુદ્ધિ કરજે, પછી સાધુપણું લિંગ ધારણ

કરજે. .... પણ આ વિના લિંગ ધારણ કરીશ તો મરીને હેરાન થઈ જઈશ. આ તો જ્યાં ત્યાં મુનિપણું આપી દીધું. આહા !

કાલે કોઈ કહેતું હતું, બાર વરસનો છોકરો ને ૧૪ વરસની છોકરી—બેન-ભાઈ એ બંનેને દીક્ષા આપવાના છે. હવે એને ખબર ન મળે કે શું ચીજ છે. આહાહા ! અરેરે ! ભગવાનના માર્ગને શું કરી નાખ્યું ! શાકભાજી જેવું કરી નાખ્યું. એક ફેરી આવ્યું હતુંને છાપામાં આવ્યું હતું. આહા ! શાકભાજીનીય કિંમત છે અત્યારે તો. (શ્રોતા : બહુ મોંઘું). મોંઘુ છે. રૂપિયે શેર એમ કંઈક કહે છે. બાર આના શેર આ દૂધી-બૂધીના. વાતું કરે આપણે ક્યાં... ? કારેલા.. મોંઘાઈ છેને બધાયમાં. (શ્રોતા : ...) કારેલા મોંઘા. આ ઋતુમાં રસની સાથે હોયને. કેમ મળે છે અત્યારે ખબર છે ? (શ્રોતા : દૂધી ૨ રૂ. કિલો) ૨ રૂ. કિલો, ઓહોહો ! બશેર ને છ ભાગ ૨ રૂપિયે. એક રૂપિયાનો એક શેર ને ત્રણ ભાગ. આરે, આરે ! ગજબ છે ને !

આહીં કહે છે, ભાઈ ! તારો આત્માનો આનંદ છેને અંદર ? એને એકવાર સમ્યગ્દર્શનમાં સ્વાદ લઈને પ્રતીત કરજે, પછી તું લિંગ ધારણ કરજે. આહાહા ! મારો આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ છે, એનો એકવાર સમ્યગ્દર્શનમાં સ્વાદ લઈને, શુદ્ધિ પ્રગટ કરીને પછી તું મુનિપણું લેજે. આ વિના મુનિપણું લઈને લિંગ ધારણ કરીશ, (તો) તારા નિરર્થક જશે બધા. આહાહા ! એવા દ્રવ્યલિંગ તો અનંત વાર ધારણ કર્યા. આહાહા !

**શુદ્ધતા કો પ્રાપ્ત હોકર ચાર પ્રકાર કે બાહ્યલિંગ કા સેવન કર**... એ ચાર કહેશે. ક્યોંકિ **જો ભાવરહિત હોતે હૈં ઉનકે પ્રગટપને બાહ્યલિંગ અકાર્ય હૈ**. આહાહા ! જેને આત્માના આનંદના સ્વાદની ખબર નથી, અતીન્દ્રિયનો સ્વાદ કેવો હોય ને કેવો આત્માના.... એને આ બાહ્યલિંગ અકાર્યકારી છે કહે છે. એ સાધુપણાના લૂગડાં આમ પહેરેને.... લૂગડાં કાઢી નાખીને અહીં નગ્નની વાત લ્યોને. આ તો સાધુય ક્યાં... ? અરે ! વસ્ત્રવાળા સાધુ તો દ્રવ્યલિંગીય નથી. આહા ! વાતું આકરી પડે, દુઃખ લાગે હોં બીજાને. દુઃખ લાગવા માટે નથી, પ્રભુ ! વસ્તુની સ્થિતિમાં સ્પષ્ટતા માટે.... ભાઈ ! તારા માટે પણ હિતની વાત છે. આહાહા ! જે મિથ્યાત્વ સેવીને દુઃખમાં પડ્યા છે અને જેના ફળમાં પણ દુઃખ થશે, એનો કેમ તિરસ્કાર કરવો, એનો અનાદર કેમ કરવો. જાણવું ફક્ત કે આ થાય છે જગતમાં. આહાહા !

આહીં તો પરમાત્મા... કોણ કહે છે ? કે મુનિ એમ કહે છે. ભાઈ ! તું બાર વ્રત કે પંચ મહાવ્રતને અંગીકાર કરવા પહેલાં સમ્યગ્દર્શનને પ્રગટ કરજે. જે શુદ્ધ ચૈતન્ય છે, આહાહા ! એવી શુદ્ધતાનું જેમાં ભાન થાય, પ્રતીત થાય, સાક્ષાત્ થાય—એવી

સમ્યગ્દર્શનની પ્રગટતા કરીને પછી બાહ્યલિંગ ધારણ કરજે. આ વિના જો એકલા બાહ્યલિંગ ધારણ કર્યા, અકાર્ય(કારી) છે—કાંઈ કાર્યસિદ્ધિ નહિ થાય તારે. આહાહા ! નરક ને નિગોદના અવતાર બાપા ! આહાહા ! ત્યાં કોઈ સગોવહાલો માસીબા નથી બેઠી કે હાલ ભાઈ ! આહાહા ! આહીં તો કહે છે કે આત્મા વસ્તુ જે છે એનું યથાર્થ સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ અપૂર્વ વાત છે ભાઈ ! સમ્યગ્દર્શન એટલે સાધારણ વાત નથી કે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન નથી. નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એ પણ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન તો આત્મા આનંદનો નાથ, પૂર્ણાનંદનો નાથ, પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ એનો જેને પ્રતીતમાં સ્વાદ આવે, એ અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવે અને એમાં પ્રતીતિ આવે એને સમ્યગ્દર્શન કહે છે. હજી એની તો ખબરું ન મળે અને અમે ધર્મ કરીએ છે અને આ વ્રત લીધા ને તપ લીધા, એ રણમાં પોક મૂકવા જેવી વાતું છે બધી. આહાહા ! સમજાણું કાંઈ ?

આહીં ભગવાન એમ કહે છે કે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરજે. પછી બાહ્યલિંગની વાતું કરજે, પણ સમ્યગ્દર્શનની જ્યાં ખબર નથી અને બાહ્યના લિંગ લઈ લીધા બાર વ્રતના ને પંચ મહાવ્રતના, એ બધા તારા અકાર્ય(કારી) છે. રખડવા માટે છે—પરિભ્રમણ માટે છે. આહાહા ! કેમ ? **ક્યોંકિ જો ભાવરહિત હોતે હૈં ઉનકે પ્રગટપને બાહ્યલિંગ અકાર્ય હૈ અર્થાત્ કાર્યકારી નહીં**. આહાહા ! જેને, આત્મા વસ્તુ શું છે એનો અનુભવ નથી, અંતર સન્મુખ થઈને એની પ્રતીતિ કરી નથી, એ સન્મુખ જવા બાહ્યલિંગ, ક્રિયા ધારણ કરે, અકાર્ય(કારી) છે, એનો લાભ તને નથી. આહાહા !

**ભાવાર્થ : જો ભાવકી શુદ્ધતા સે રહિત હૈ**... એ ભાવ શબ્દે સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન અલૌકિક ચીજ છે. બધા માની બેસે કે અમે સમકિતી છીએ.... એ અલૌકિક વાત છે બાપા ! આહા ! **જો ભાવકી શુદ્ધતા સે રહિત હૈ, જિનકે અપની આત્માકા યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ નહીં હૈ, ઉનકે બાહ્યલિંગ કુછ કાર્યકારી નહીં હૈ**. જેને આત્મજ્ઞાન નથી, 'એગં જાની સવ્વં જાની..' એવો જાણનારને જાણ્યો નથી. આહાહા ! એ આત્માનું..... **અપની આત્માકા**... ભાષા એમ છે ને ? ભગવાનના આત્માનું નહિ. ભગવાનની આત્માની શ્રદ્ધા એ તો રાગ છે. આહાહા ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માની શ્રદ્ધા એ પણ રાગ છે, એ તો વિકલ્પ છે, એ સમ્યગ્દર્શન નથી. આહાહા ! **અપની આત્માકા યથાર્થ શ્રદ્ધાન**... ભગવાન આત્મા સિદ્ધસ્વરૂપી પૂર્ણાનંદ સ્વરૂપ..... એવા આત્માનું જ્ઞાન કરીને એની ઓળખાણ કરીને એની પ્રતીત થવી, એનું યથાર્થ વસ્તુનું જ્ઞાન—

આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપનું જ્ઞાન અને એ આત્મામાં રમણતા એ એનું આચરણ... અંશે પણ રમણતા સમ્યગ્દર્શનની સાથે હોય છે. સમજાણું કાંઈ ? ભારે આકરી વાતું આવી.

એક તો ધંધાના પાપ આડે નવરો ન થાય. બાયડી-છોકરાને પોષવા માટે, રળવા માટે બિચારો રાતના આઠ-આઠ વાગ્યા સુધી... આહાહા ! વખત મળે કલાકનો તો બીજું બહારનું સાંભળવાનું મળે. એમાં સમ્યગ્દર્શન શું અને કેમ પ્રાપ્ત થાય એ વાતેય સાંભળવા મળે નહિ. એના જીવન બધા ઢોર જેવાં જીવન છે. દુનિયામાં ભલે આબરૂમાં ગણાય કે આ પચાસ લાખ પેદા કર્યા ને કરોડ રૂપિયા આવ્યા ને બે કરોડ આવ્યા ને પાંચ કરોડ... ખુરશી પહેલી પડે બહારમાં. (શ્રોતા : ...ન્યાયથી રળવું એમાં પાપ છે?) ન્યાયથી રળવું એ પાપ છે. રળવાનો ભાવ જ પાપ છે. ન્યાયપૂર્વક શું ? દુકાને બેસવાનો ભાવ પાપ. લખ્યું હતું, માણસને સાચવવું, દુકાન-ઘરને સાચવવું એ પાપ. એમ હશે પ્રવીણભાઈ ? એ મુકેશ ! શું હશે ? આ તારા બાપ બધું કરે છેને. તારા માટે કરે છે ? એના રાગ માટે કરે છે. આહાહા !

(શ્રોતા : ન્યાયપૂર્વકમેં પાપ....) પાપ હૈ. (શ્રોતા : અન્યાયપૂર્વકમેં મહાપાપ....) અન્યાયમેં બડા પાપ હૈ. પૈસા કમાનેકા ભાવ વહી પાપ હૈ. આહાહા ! ન્યાયથી કમાવે, રીતસર કમાવે, પણ ભાવ તો પાપ છેને એ ? આહાહા ! એમાં આત્મા તો ભારે થતો જાય છે. આહા ! એણે આત્મા પોતાની ચીજને ન જાણી, કહે છે, અને પરને માટે રોકાઈ.... આ કાળ ગાળ્યો બધો. આહાહા ! એ આવે છે કથા એક.

એક ભાઈ માટે બીજા ભાઈએ પાપ બહુત કિયા. બીજા ભાઈએ પાપ બહુ કર્યા એ મરીને નરકે ગયો. અને જેના માટે પાપ કર્યા હતા એ વળી ત્યાં ભવનપતિનો અસુર(દેવ થયો). બે ન્યાં (નરકમાં ભેગા) થયા. પછી અસુર ઓલાને મારે છે. ત્યાં એને યાદ આવે છે કે પણ ભાઈ ! મેં તારા માટે પાપ કર્યા હતાને. પણ આહીં ક્યાં... કોણે કીધું હતું તને પાપ (કરવાનું)? નાના ભાઈ માટે મોટા ભાઈએ પાપ કર્યા રોગની દવા-બવામાં. એમાં ઓલો મરીને નરકે ગયો, નારકી થયો અને ઓલો જે હતો એણે કંઈ ભાવ ઠીક કર્યા હશે એ અસુરકુમારનો દેવ થયો. એ ત્યાં અસુરનો દેવ થયો. મારે એને ઓલાને. એમાં યાદ આવ્યું, પણ ભાઈ ! મેં તારા માટે પાપ કર્યાં અને તું મને મારે ? પણ કોણે તને કીધું હતું કે મારા માટે કરજે ? આહાહા ! એવું બને છે. અનંત વાર બન્યું છેને. હા, એ નવી ક્યાં વાત છે ? આહા ! આત્માકા યથાર્થ (શ્રદ્ધાન, જ્ઞાન બિના) બાહ્યમેં કુછ કાર્યકારી નહિ. **કારણ પાકર તત્કાલ બિગડ જાતે હૈં**... જેને આત્મદર્શન–સમ્યગ્દર્શન નથી, આત્મ અનુભવ નથી, એ બાહ્યલિંગ અને વ્રતને ધારણ કરે, એ પ્રસંગ આવે તો બગડીને ભ્રષ્ટ થઈ જશે. આહાહા !

એને આત્માનો લાભ થશે નહિ. માટે પ્રથમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર્યા પછી બાહ્યલિંગ સેવન કરવું.

(પ્રમાણ વચન ગુરુદેવ)